આપણું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૨૭) અંક નં. ૨૦૪ | ૩ ઓક્ટોબર, ૨૦૧૨, બુધવાર; નિજ ભાદરવા વદ - ૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

જો પશુઓ અને વૃક્ષો પણ માનવતાની સેવા કરતાં હોય તો મનુષ્ય તો વિચારવંત પ્રાણી છે
- એસ. ભટ્ટાચાર્ય

મેટ્રોરેલ પ્રોજેક્ટનો મુખ્ય ડેપો ચ-૦ પાસે બનશે

ગાંધીનગર, તા. ૨

અમદાવાદ-ગાંધીનગર મેટ્રોરેલ પ્રોજેક્ટનો મુખ્ય ડેપો ચ-૦ ઈન્દ્રોડા સર્કલ નજીક બનાવવામાં આવશે. આ અંગેની કામગીરીનો પણ આરંભ થઈ ગયો છે અને તે માટેની જગ્યાને હાલ કવર કરવામાં આવી રહી છે.

રાજ્ય સરકારે હજુ બે દિવસ પહેલાં જ આ અતિ મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ અંગેના રૂટોની જાહેરાત કરી છે. જેમાં એઈસી જંકશનથી ગાંધીનગરની ૩૨ કિ.મી. લાંબી મેટ્રોરેલ આવી રહી છે.

પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે ગિફ્ટ સિટી સુધી જનાર મેટ્રોરેલના રૂટને સિગ્નેચર બ્રીજ સાથે સંકલિત કરી લઈ જવામાં આવનાર છે જ્યારે શહેરમાં પણ એલીવેટેડ રૂટ આવે તેવી શક્યતાઓ છે.

પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે ગાંધીનગર શહેરમાં સોઈલ ટેસ્ટીંગની કામગીરી સંપન્ન થઈ ગઈ છે. આ પછી આ મેટ્રોરેલ માટે મુખ્ય ડેપો બનાવવા અંગે જુદી જુદી જગ્યાઓ પર ચર્ચા વિચારણા ચાલી હતી. આ પછી મુખ્ય ડેપો ચ-૦ ઈન્દ્રોડા સર્કલ નજીક બનાવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

આ માટે હાલ જે જગ્યાની ફાળવણી કરવામાં આવી છે ત્યાં તે જગ્યાને કવર કરવા માટેની કાર્યવાહી ચાલી રહી છે અને કંપનીએ સૂચિત ડેપોના બોર્ડ પણ લગાવી દીધા છે.

ગાંધીનગર ખાતે અનોખી સાયકલ યાત્રા યોજવામાં આવી હતી, જેમાં પાંચ હજાર જેટલા સાયકલચાલકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. આ કાર્યક્રમને કારણે સાયકલ ચલાવવાનો જુનો-વીતી ગયેલો જમાનો જાણે પરત આવી ગયો હોય એવાં દ્રશ્યો સર્જાયાં હતાં. (તસવીર : દિપક જાની)

મધુર દૂધમાં ભાવ વધારો

અમૂલ દૂધે ગઈકાલે જાહેર કરેલા ભાવવધારાને પગલે આજથી ગાંધીનગરમાં દૂધ મોંઘુ : મધ્યમવર્ગીય પરિવારો પરેશાન : ૧ થી ૨ રૂપિયાનો ભાવ વધારો

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર અને આસપાસના વિસ્તારમાં દૂધનું વિતરણ કરતી મધૂર ડેરીએ આવતીકાલથી લિટરે રૂ. ૧ થી ૨ નો ભાવ વધારો કરવાનો નિર્ણય લીધો છે. અમૂલ ડેરીએ ગઈકાલે જાહેર કરેલા ભાવ વધારા બાદ મધૂર ડેરીએ પણ ભાવ વધારો જાહેર કરતા મધ્યમવર્ગીય પરિવારોનું જીવન વધુ દોહ્યલું બની રહ્યું છે.

ડીઝલમાં થયેલા ભાવવધારાની સીધી અસર જીવન જરૂરીયાતની ચીજવસ્તુઓ પર પડી રહી છે. શાકભાજી અને ફળોના ભાવો આસમાને પહોંચ્યા છે ત્યારે ડેરીઓ દ્વારા દૂધના ભાવોમાં રૂ. ૧ થી ૨ નો તોતીંગ ભાવ વધારો ઝીંકી દેવાતા મધ્યમવર્ગીય પરિવારો માટે આ ભાવ વધારો પડયાં પર પાટુ જેવી સ્થિતિનું નિર્માણ કરશે. અમૂલ દૂધે ગઈકાલે બધી જ પ્રોડકટમાં ભાવવધારો જાહેર કરતા તેના પગલે મધૂર દૂધે પણ આજે ભાવ વધારો જાહેર કર્યો છે. જે આવતીકાલે ૩જી ઓકટોબરથી લાગુ પડશે. ગાંધીનગર અને તેની આસપાસના મોટાભાગના વિસ્તારોમાં મધૂર દૂધનું વિતરણ થાય છે. મધૂર ડેરીના ફુલક્રીમ દૂધમાં રૂ. ૨ નો અને અન્ય પ્રોડકટમાં રૂ. ૧ નો

મધૂર દૂધનો નવો ભાવ

પ્રકાર (૫૦૦ મિ.લિ.)	જુનો ભાવ	નવો ભાવ
મધુર ટોન્ડ (તાજા)	૧૪-૦૦	૧૪-૫૦
મધુર સ્ટાન્ડર્ડ (શકિત)	૧૭-૫૦	૧૮-૦૦
મધુર ફૂલક્રીમ (ગોલ્ડ)	૧૯-૦૦	૨૦-૦૦
મધુર ગાયનું દૂધ	૧૬-૦૦	૧૮-૦૦

● અનુસંધાન પાન-૭ પર

આવતીકાલથી શાળાઓમાં પરીક્ષાનો માહોલ

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર શહેરના ધો. ૧ થી ૮ના વિદ્યાર્થીઓની પરીક્ષા ૪થી ઓક્ટોબરથી શરૂ થઈ રહી છે જ્યારે ગ્રામ્ય વિસ્તારના પ્રા. શાળાના બાળકોની પરીક્ષા આ માસના અંતિમ સપ્તાહમાં શરૂ થશે અને નવેમ્બરના પ્રથમ સપ્તાહના બે દિવસ બાદ તે સંપન્ન થશે. જ્યારે બોર્ડની સેમેસ્ટર પરીક્ષાઓ પણ આ માસના છેલ્લા સપ્તાહથી આરંભાશે અર્થાત્ ૨ પમી ઓક્ટોબરથી શરૂ થઈ રહી છે.

ગાંધીનગર શહેરમાં પ્રા. શાળાના બાળકોની પરીક્ષા બે ભાગમાં લેવામાં આવશે. જેમાં ધો. ૧ અને ૨ના બાળકોની મૌખિક પરીક્ષા લેવામાં આવશે જ્યારે ૩ થી ૮ના બાળકોની લેખિતમાં પરીક્ષાઓ લેવામાં આવશે. ૪થી ઓક્ટોમ્બરથી શરૂ થઈ રહેલી આ પરીક્ષાઓ એક સપ્તાહ સુધી ચાલશે.

આ માટે શહેરમાં ઓરી વિરોધી રસીકરણ અભિયાન પણ આરોગ્ય સત્તાવાળાઓને પાછળ લઈ જવાની ફરજ પડી છે જે ઉલ્લેખનીય છે. ગાંધીનગર શહેરની ૩૪ પ્રા. શાળાઓમાં આ પરીક્ષાઓ યોજવામાં આવનાર છે. આ ઉપરાંત ખાનગી શાળાઓ પણ આ દિવસોમાં પરીક્ષા લેવાની હોઈ શહેરભરના બાળકો અભ્યાસીય કામગીરીમાં વ્યસ્ત બન્યા છે.

ઓકટોબર માસ એ વિદ્યાર્થીઓ માટે શૈક્ષણિક સત્રની

● અનુસંધાન પાન-૭ પર

કોંગ્રેસ અધ્યક્ષા સોનિયા ગાંધી આજે રાજકોટમાં જનસભાને સંબોધશે

ગાંધીનગર, તા. ૨

કોંગ્રેસ અધ્યક્ષા સોનિયા ગાંધી આવતીકાલે ગુજરાતના એક દિવસના પ્રવાસે આવી રહ્યા છે. સોનિયા ગાંધી રાજકોટ ખાતે જનસભાને સંબોધશે અને મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ કરેલા આક્ષેપોનો જવાબ આપશે.

ગુજરાત વિધાનસભાની ચૂંટણી આવી રહી છે ત્યારે ચૂંટણી પ્રચારના ભાગરૂપે કોંગ્રેસ અધ્યક્ષા સોનિયા ગાંધી આવતીકાલે રાજકોટના એક દિવસના પ્રવાસે આવી ત્યા છે. સોનિયા ગાંધીના ભવ્ય સ્વાગત અને જનસભાને સફળ બનાવવા માટે ગુજરાત કોંગ્રેસ દ્વારા તમામ તૈયારીઓ પૂર્ણ કરી દેવામાં આવી છે.

ગુજરાત પ્રદેશના તમામ નેતાઓએ રાજકોટમાં ધામા નાંખતા પ્રદેશ કોંગ્રેસ કાર્યાલય નેતા વિહોણું બન્યું છે. રાજકોટ ખાતે આવતીકાલે યોજાનારી જનસભાને કોંગ્રેસ અધ્યક્ષ સોનિયા ગાંધી સંબોધશે અને કેન્દ્રની યુ.પી.એ. સરકારે ગુજરાતને કયા કયા વિકાસ કામો માટે કેટલા નાણા આપ્યા તેનો હિસાબ આપીને ગુજરાતની ભાજપ સરકાર દ્વારા કેન્દ્ર સરકાર પર અન્યાયનો કરાતા આક્ષેપનો જવાબ આપશે.

આ ઉપરાંત છેલ્લા બે દિવસથી ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ સોનિયા ગાંધીના વિદેશ પ્રવાસ પાછળ કરવામાં આવેલા ખર્ચ અંગેના આક્ષેપ કરતા કરેલા નિવેદન અંગેનો પણ જવાબ આપવામાં આવે તેવી શક્યતાઓ પણ સેવાઈ રહી છે.

સોનિયા ગાંધી આવતીકાલે રાજકોટ ખાતે જનસભાને સંબોધશે તેની સાથે જ ગુજરાત કોંગ્રેસ દ્વારા ગુજરાતમાં ચૂંટણી પ્રચારના શ્રીગણેશ કરશે.

સમસ્યા ઉકેલ માટે ગાંધીજીનો માર્ગ આજે પણ પ્રસ્તુત : મોદી

પોરબંદરમાં સર્વધર્મ પ્રાર્થના યોજાઈ : ગાંધીજીએ જીવન દ્વારા સંદેશ આપ્યો : રાષ્ટ્રપિતા ગાંધી અંગે માહિતી અપાઈ

પોરબંદર, તા. ૨

ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ ગાંધી જયંતિના સુપ્રભાતે આજે પોરબંદરમાં કિર્તીમંદિરના પ્રાંગણમાં યોજાયેલી સર્વધર્મ પ્રાર્થનામાં સહભાગી બનતા મહાત્મા ગાંધીજીની ખાદી ખરીદી દ્વારા દરિદ્રનારાયણની સેવા અને સ્વચ્છતા માટેની સાર્વજનિક જાગૃતિનો મહિમા કરવા અપીલ કરી હતી. વૈશ્વિક પરિપ્રેક્ષ્યમાં આ ભૂમિ ઉપર કોઈ એક વ્યક્તિનો નહીં યુગનો જન્મ થયો હતો અને વિશ્વ સમક્ષ ગ્લોબલ વોર્મિંગ અને ગ્લોબલ ટેરરીઝમથી માનવજાતને ઉગારવા પૂજ્ય બાપુનો રસ્તો આજે પણ પ્રસ્તુત છે એમ તેમણે જણાવ્યું હતું. મહાત્મા ગાંધીજીની જન્મ ભૂમિ પોરબંદરમાં કીર્તિમંદિરમાં પહોંચીને યુગપુરુષને શ્રદ્ધાસુમન અર્પણ કર્યા હતા. જય જવાન જય કિસાનના મંત્રથી સમગ્ર દેશમાં નવી ચેતના જગાવનારા દિવંગત વડાપ્રધાન સ્વ. લાલબહાદુર શાસ્ત્રીને પણ આજના જન્મદિવસે મુખ્યમંત્રીએ ભાવાંજલિ અર્પણ કરી હતી. આ દેશનું સૌભાગ્ય છે કે આ બંને રાષ્ટ્રનેતાઓએ હિન્દુસ્તાનની જનતાના દિલમાં સ્થાન મેળવ્યું છે. મુખ્યમંત્રીએ જણાવ્યું કે મહાત્મા ગાંધીજીએ જે જીવન દ્વારા સંદેશ આપ્યો છે તે આજે પણ એટલો જ પ્રસ્તુત છે. નાણા મંત્રી વજુભાઈ વાળાએ સ્વાગત પ્રવચન કર્યું હતું. પ્રદેશ કોંગ્રેસ પ્રમુખ અર્જુન મોઢવાડિયા, ધારાસભ્ય કરસનભાઈ ઓડેદરા, પૂર્વ સિંચાઈ મંત્રી બાબુભાઈ બોખિરિયા, જિલ્લા પંચાયત પ્રમુખ ભોજાભાઈ પરમાર, પ્રભારી સચિવ વિનય વ્યાસા, કલેક્ટર જયંતકુમાર સેવક, જિલ્લા વિકાસ અધિકારી બી. સી. પટ્ટણી સહિતના મહાનુભાવોએ આ પ્રાર્થનાસભામાં ભાગ લીધો હતો. જિલ્લાના આગેવાનો, ગાંધીપ્રેમી નાગરિકો નગરજનો તથા વિદ્યાર્થીઓ આ પ્રાર્થના સભામાં જોડાયા હતા.

રાજ્યમાં વધુ ૯ નવા તાલુકા રચવા મુખ્યમંત્રીની જાહેરાત

વાપી, જોટાણા, ગોઝારિયા, ગીરગઢડા, બોડેલી, ખેરગામ, નેત્રંગ, તેમજ થાનગઢ નવા તાલુકાઓ બનાવવા જાહેરાત

ગાંધીનગર, તા. ૨

ગુજરાત વિધાનસભાની ચૂંટણીને હવે ગણતરીના દિવસો બાકી રહ્યા છે ત્યારે મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ આજે વધુ નવા નવ તાલુકા રચવાની જાહેરાત કરી છે. જેમાં વાપી તાલુકો (વલસાડ જિલ્લો), જોટાણા તાલુકો અને ગોઝારિયા તાલુકો (મહેસાણા જિલ્લો), ગીરગઢડા તાલુકો (જૂનાગઢ જિલ્લો), નેત્રંગ તાલુકો (ભરૂચ જિલ્લો), બોડેલી તાલુકો (વડોદરા જિલ્લો), ખેરગામ તાલુકો (નવસારી જિલ્લો), થાનગઢ તાલુકો (સુરેન્દ્રનગર જિલ્લો) તથા જૂનાગઢ સીટી તાલુકાનો સમાવેશ થાય છે.

મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીએ જણાવ્યું હતુંકે, રાજ્યમાં નવા જિલ્લા અને નવા તાલુકાની જે જાહેરાત કરવામાં આવી છે તે તમામ આગામી ૨૬મી જાન્યુઆરી-૨૦૧૩ના રોજ કાર્યરત થાય તેવી નેમ સાથેતેના સમાવિષ્ટ થનારા ગામો અને સંલગ્ન તમામ વહીવટી પ્રક્રિયા પૂર્ણ કરવા રાજ્ય સરકારના મુખ્ય સચિવના અધ્યક્ષસ્થાને રચાયેલી સમિતિ જવાબદારી સંભાળશે.

મુખ્યમંત્રીએ સ્વતંત્ર ગીરનાથ-ભવનાથ વિસ્તાર વિકાસ સત્તામંડળ રચવાની પણ જાહેરાત કરી હતી. તેમણે જણાવ્યું હતું કે, પ્રવાસન વિરાસતનો આગવો મહિમા ધરાવતા જૂનાગઢ જિલ્લામાં ગીરનાર-ભવનાથના તીર્થ પ્રવાસનના સર્વાંગી વિકાસ માટે ભવનાથ-ગીરનાર વિસ્તાર સત્તામંડળની રચના કરાશે.

LCD TV રીપેરીંગ
આપનું LED TV, LCD TV, Plazma TV, કલર TV બગડે તો દુકાને આવવાની જરૂર નથી. ફક્ત ફોન કરો ૧ થી ૩૦ સેકટર માટે
સોમનાથ ઈલેક્ટ્રોનીક્સ
ચંદ્ર ફોટો સ્ટુડિયોની બાજુમાં, સેકટર-૨૪, ગાંધીનગર. ફોન : ૨૩૨ ૮૭૧૫.
મો ૯૪૨૬૪૪૨૭૮૫, ૯૭૧૪૧૯૮૩૬૬

લીંબોદરા સેવા સમાજ સંચાલિત હોસ્પીટલ ભાડે આપવાની છે
ગાંધીનગરથી 15કિમી. દૂર ગ્રામભારતી ચાર રસ્તા પાસે, પુનિતધામ પાસા, ગાંધીનગર, મહુડી જતા રસ્તે ઘરાડે 6000 ચો.મીટર જગ્યામાં 900 ચો.મી. બંધકામ. જેમાં ઓપરેશન થીયેટર, OPD, દરદીઓના 2 વોર્ડ તથા 4 સ્ટાફ ક્વાર્ટર સુવિધા સાથે
સંપર્ક ડૉ. હેતલ શાહ મો.09327011953
પત્ર વ્યવહાર માટે: નરેશભાઈ પી. શાહ
20, કલ્યાણ સોસાયટી, મીઠાખળી, એલિસબ્રીજ, અમદાવાદ-૬.

દિપાવલી નિમિત્તે પ્રથમ 50 પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓ માટે 'ફ્રી' માં ખાસ ઘટાડો
GPSC પ્રિલિમ પરીક્ષા
ફી માત્ર ₹ 18,000/-
29-9-2012 થી 05-10-2012 સુધીમાં પ્રવેશ મેળવનાર માટે જ !
વર્ગ શરૂ થવાની તા. 29-11-2012
પાલનપુર/મહેસાણા/ગાંધીનગર શાખામાં જ પ્રવેશ...

શાખાઓ	ભણવાના દિવસ	ભણવાના દિવસ
પાલનપુર	3.00 થી 5.00	શુક્ર - શનિ - રવિ
મહેસાણા	7.00 થી 9.00	
ગાંધીનગર	8.00 થી 10.00	

5-10-2012 સુધીમાં પ્રવેશ મેળવી ખાસ ઓફરનો લાભ લેવા તે પહેલાંના દોડજો!
TCCI EDUCATION PVT. LTD.
PATAN 95740 04323 | VISNAGAR 95740 04325 | HIMATNAGAR 95740 04326
જાહેરાતનું કટીંગ લાવનારને જ ફ્રીમાં રાહત મળશે
HELPLINE NO : 95740 04328, 9574004327
સબ રજીસ્ટાર GPSC
4 માસની પરીક્ષાલક્ષી અભ્યાસક્રમ
ફોર્મ ભરવાની છેલ્લી તા. 24-9-12
ફી માત્ર ₹ 14,000/- | પરીક્ષા સંભવિત ડિસેમ્બર 2012
PSI ઈન્ટરવ્યુ માટે (ગાંધીનગર ખાતે)
ઉપરોક્ત સમયે સંપર્ક કરો...

2 X 2 બસ પ્રવાસે AC(Non AC)
હિમાચલ - કુલુ - મનાલી - ડેલહાઉસી
જો. કાશ્મીર - વૈષ્ણોદેવી
જો. ગોવા - મહાબળેશ્વર - લોનાવલા
પંચમઢી - કાન્હા - જબલપુર
ચંબલ - ઓરછા - ઝાંસી (દિ-4)
દેવકા - મુન્નાર - થેકડી
જો. સૌરાષ્ટ્ર દર્શન (દિ-6)
નાસિક-શિરડી-શનિશિંગ (દિ-3/4)
વિવરંગના ટ્રાવેલ્સ